આકાશવાણી, અમદાવાદ

26-08-2025 Midday: 2.30 TO 2.35

Tuesday Regional News

## PM GUJARAT

રાજ્યની બે દિવસીય મુલાકાતે આવેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અમદાવાદ સ્થિત TDS લિથિયમ-આયન બેટરી પ્લાન્ટ ખાતે હાઇબ્રિડ બેટરી ઈલેક્ટ્રોડના સ્થાનિક ઉત્પાદનનું ઉદ્‌ઘાટન કર્યું. ભારત અને જાપાન વચ્ચે સઘન ભાગીદારી પર પ્રકાશ પાડીને 2047 સુધીમાં આત્મનિર્ભરતા હાંસલ કરવાની ભારતની યાત્રામાં મુખ્ય વિકાસ ભાગીદાર તરીકે જાપાનની ભૂમિકાનો પ્રધાનમંત્રીએ પુનરોચ્ચાર કર્યો હતો...

પ્રધાનમંત્રીએ કહ્યું કે મેક ઈન ઈન્ડિયા પહેલે વૈશ્વિક અને સ્થાનિક ઉત્પાદકો બંને માટે અનુકૂળ વાતાવરણ બનાવ્યું છે. તેમણે સુઝુકીના આ પગલાને મેડ ઈન ઈન્ડિયા અને મેક ફોર ધ વર્લ્ડનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું. સ્વચ્છ ઉર્જા અને સ્વચ્છ ગતિશીલતાના મહત્વ પર ભાર મૂકતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, "સ્વચ્છ ગતિશીલતા ભવિષ્ય છે, અને ભારત સ્વચ્છ ગતિશીલતા ઉકેલો માટે એક વિશ્વસનીય કેન્દ્ર તરીકે ઉભરી આવવા માટે તૈયાર છે." તેમણે ભારતની સક્ષમ લોકશાહી અને વસ્તીનો પણ આ પ્રસંગે ઉલ્લેખ કર્યો હતો.

નવા લોન્ચ થયેલા ઉત્પાદનો યુરોપ અને જાપાન જેવા મુખ્ય બજારો સહિત 100 થી વધુ દેશોમાં નિકાસ કરવામાં આવશે. ગુજરાતની તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રીએ અમદાવાદમાં સુઝુકી મોટરના હાંસલપુર પ્લાન્ટમાં પ્રદર્શનની પણ મુલાકાત લીધી.

## GUJ CABINET

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે કેબિનેટની બેઠક મળશે. આવતીકાલે ગણેશ ચતુર્થની રજા હોવાના કારણે આજે સાંજે પાંચ વાગે કેબિનેટ બેઠક મળશે.

આ બેઠકમાં રાજ્યમાં વરસાદની પરિસ્થિતિ અંગે સમીક્ષા કરાશે. પ્રધાનમંત્રીની ગુજરાત મુલાકાત બાદના કામો અને સૂચનોથી કેબિનેટને મુખ્યમંત્રી માહિતગાર કરશે તેવી શક્યતા છે. આ ઉપરાંત આગામી વિધાનસભાના ચોમાસુ સત્રની પણ વિગતવાર ચર્ચા કરવામાં આવશે.

## TARANETAR MELO

સુરેન્દ્રનગર ખાતે પ્રતિવર્ષ યોજાતા અને પાંચાળની લોક સંસ્કૃતિને ઉજાગર કરતા જગ વિખ્યાત તરણેતરના લોકમેળાનો આજથી આરંભ થયો છે. નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા, ધારાસભ્યો શામજી ચૌહાણ, પ્રકાશ વરમોરા, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષકની ઉપસ્થિતીમાં ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવનું પૂજન-અર્ચન કરી લોકમેળો શરૂ થયો હતો.

આ મેળામાં પોસ્ટ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવતું વિશિષ્ટ આવરણ લોન્ચ કરાયું હતું. પશુપાલન વિભાગ દ્વારા ગોઠવવામાં આવેલ પશુ પ્રદર્શનને રીબીન કાપી ખુલ્લા મુકાયું હતુ. આ મેળામાં યોજાયેલી દ્વિતીય પારંપારિક સાંસ્કૃતિક સ્પર્ધાઓ પણ શરૂ કરવામાં આવી હતી

## GUJARAT WEATHER-RAIN

રાજ્યમાં વરસાદનું જોર ઘટતા આજે 41 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. રાજયમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 85 ટકા વરસાદ વરસ્યો છે. આજે દાહોદ, છોટા ઉદેપુર અને ભાવનગરમાં અતિભારે વરસાદની આગાહી છે.

આ સિવાય ઉત્તર અને દક્ષિણ ગુજરાતનાં જીલ્લામાં ભારે વરસાદની આગાહી છે ત્યારે હવામાન વિભાગ દ્વારા માછીમારોને 29 ઓગસ્ટ સુધી દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

## GUJARAT DAM

ભારે વરસાદને કારણે રાજ્યના 96 જળાશય હાઈએલર્ટ પર છે, જ્યારે 29 જળાશયોને એલર્ટ પર રખાયા છે. ત્યારે રાજ્યના અનેક જળાશયોમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે.

નર્મદા બંધમાંથી 43 હજાર ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવ્યું છે જ્યારે મહેસાણાના ધરોઇ બંધમાંથી આજે 38 હજાર 976 ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. જેનાથી ગાંધીનગરના સંત સરોવરમાં પાણીની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયા આજે સંત સરોવર પહોંચી અધિકારીઓ સાથે સમીક્ષા કરી.

શ્રી બાવળીયા સંબંધિત અધિકારીઓને નીચાણવાસમાં આવેલા શહેરો-ગામોનો સંપર્ક કરી તેમને સતર્ક કરવા સૂચના આપી.

ઉપરવાસમાં ભારે વરસાદના પગલે અમદાવાદના વાસણા બેરેજના 27 દરવાજા ખોલીને નદીમાં પાણી છોડવામા આવી રહ્યું છે. ત્યારે હેઠવાસના સીટી તાલુકાના 19, ધોળકાના 74, દસક્રોઈના 18, બાવળાના નવ, ધંધૂકાના 18 ગામોને પૂરની સંભવિત પરિસ્થિતિ અંગે સાવચેત કરાયાં છે.